GJVD060030592024

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | :– | ૨૬/૦૯/૨૦૨૪ |
| નોંધણી તારીખ | :– | ૨૬/૦૯/૨૦૨૪ |
| નિકાલ તારીખ | :– | ૩૧/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | :– | વર્ષ ૦૧ માસ ૧૦ દિવસ ૦૫ |

## વાઘોડીયાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી વિકાસ સિયોલ) સાહેબની કોર્ટ, મુ.વાઘોડીયા.

**ફોજદારી કેસ નં.૨૫૩૩/૨૦૨૪**
**આંક–**

### ફોર્મ–એ

| જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, મુ.વાઘોડીયા, જી.વડોદરા.<br>હુકમની તારીખ :૩૧/૦૭/૨૦૨૬<br>ફોજદારી કેસ નંબર :૨૫૩૩/૨૦૨૪ | |
|---|---|
| પોલીસ સ્ટેશન | વાઘોડીયા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. પાર્ટ–સી–૧૧૧૯૭૦૫૭૨૩૧૧૧૧/૨૦૨૪ |
| ગુન્હો | ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ–૬૫(એ)(ઇ),૮૧ મુજબ... |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી તર્ફે | વિ.એ.પી.પી.શ્રી એસ.એમ.દવે. |
| વિરૂધ્ધ | |

| | | |
|---|---|---|
| આરોપી | ૧. | **અલ્તાફહુસેન અબ્દુલભાઇ મન્સુરી**, ઉ.વ.પુખ્ત,<br>રહે. ફલોડ ગામ, મન્સુરી ફળીયામાં, તા.વાઘોડીયા, જી.વડોદરા. |
| | ૨. | **ઝાકરીહુસેન મોહંમદખા બહેલીમ**, ઉ.વ.પુખ્ત,<br>રહે. ફલોડ ગામ, મન્સુરી ફળીયામાં, તા.વાઘોડીયા, જી.વડોદરા. |
| આરોપી તર્ફે | | વિ.વ.શ્રી એચ.સી.ભાલીયા. |

## **ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૮/૦૬/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૯/૦૬/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૨૬/૦૯/૨૦૨૪ |
| તહોમતનામુ/પ્લીની તારીખ | ૨૮/૦૪/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | ૦૪/૦૯/૨૦૨૫ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | ૩૧/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | N/A |

## **આરોપીની વિગત**

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | કયો ગુન્હો નોંધાયેલ | છોડી મુકેલ કે સજા કરેલ | સજા કર્યાની વિગત | ક્રિ.પ્રો.કો.ની કલમ–૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અલ્તાફહુસેન અબ્દુલભાઇ મન્સુરી | ૨૮/૦૬/૨૦૨૪ | | ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ–૬૫(એ)(ઇ),૮૧ મુજબ | છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. | N/A | N/A |
| ૨. | ઝાકરીહુસેન મોહંમદખા બહેલીમ | ૨૮/૦૬/૨૦૨૪ | | | | | |

## <u>ફોર્મ–સી</u>

**એ – ફરીયાદપક્ષે તપાસેલા સાહેદોના પુરાવાની યાદી:–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | પ્રદિપસિંહ મહેન્દ્રસિંહ | ફરીયાદી | ૧૧ |
| ૨. | સતિષ બાબુભાઈ વાઘેલા | પંચ સાહેદ | ૧૬ |
| ૩. | દિનેશભાઈ પુંજાભાઈ પરમાર | પંચ સાહેદ | ૧૮ |
| ૪. | એ.એસ.આઈ. નગીનભાઈ ભીલડાભાઈ રાઠવા | ત.ક.અ. | ૧૪ |

**બી – આરોપીપક્ષે તપાસેલા સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલા નથી.**

**સી – અદાલતે તપાસેલા સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલા નથી.**

**એ – ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**

| ક્રમ | આંક તથા સાહેદ નંબર જેમાં દસ્તાવેજ રજુ થયેલ છે. | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૨ (ફ.સાહેદ નં.૧) | ફરીયાદ |
| ૨. | ૧૭ (ફ.સાહેદ નં.૨,૩) | મુદામાલ રીકવરી પંચનામુ |

**બી–બચાવપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અદાલત સમક્ષ લેવામાં આવેલ તકરારો તથા તેનું વર્ણન:– નથી.**

–––––––––––––––––––––––––––––––––––––––––

## <u>ચુકાદો</u>

(૧)... આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૮/૦૬/૨૦૨૪ ના કલાક ૨૨/૧૫ ના કલાક ૨૨/૧૫ થી ૨૩/૪૫

વાગે મોજે ફલોડ ગામ શનિદેવના મંદિર સામે મઢેલી ગામ તરફ જવાના રોડ પાસે આવેલ કેબીનના પાછળના ભાગે આરોપી નં.૨ ઝાકીરહુસેન મોહંમદખા બહેલીમ નાએ તેના મળતીયા માણસ આરોપી નં.૧ અલ્તાફહુસેન અબ્દુલભાઇ મન્સુરી નાઓના અંગ કબજામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની કાચની બોટલો તથા કવાટરીયા તથા બીયર ટીન મળી કુલ નંગ–૩૧૫ જેની કુલ કિ.રૂા. ૩૪,૫૦૦/– નો પ્રોહી. મુદામાલ વગર પાસ પરમીટે રાખી રેઇડ દરમ્યાન અલ્તાફહુસેન અબ્દુલભાઇ મન્સુરી નાનો સ્થળ ઉપર હાજર મળી આવી પકડાય જઇ તથા આરોપી ઝાકીરહુસેન મોહંમદખા બહેલીમ નાનો સ્થળ ઉપર હાજર નહી મળી આવી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા વાઘોડીયા પોલીસે પ્રોહી. ગુનો રજીસ્ટર કરી, તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ આરંભેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ–૬૫(એ)(ઇ),૮૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.

(૨)... આ કામના આરોપીઓને નામદાર કોર્ટમાં હાજર રહેવા ધોરણસર સમન્સ કરતા, આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પુરી પાડયા બાબતની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામે તહોમતનામુ આંક–૦૭ થી ફરમાવતા અનુક્રમે આંક–૦૮, આંક–૯ ઉપર આરોપીઓની ગુના સબબ પ્લી રેકોર્ડ કરતાં આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(૩)... આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા **ફોર્મ–સી** માં જણાવ્યા મુજબના છે.

(૪)... આ કામે રેકર્ડ તથા પુરાવો ધ્યાને લેતા આ કામ આરોપીઓના ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ, પરંતુ આરોપીઓ હાજર ન રહેતા તા.૧૮/૦૭/૨૦૨૬ ના રોજ આરોપીઓનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫)... ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે બચાવપક્ષે કોઇ હાજર ન હોય તેમનો તા.૧૮/૦૭/૨૦૨૬ ના રોજ દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬)... પક્ષકારો તર્ફે થયેલ રજુઆત ધ્યાને લેતા કેસના ન્યાયીક નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**<u>મુદ્દા:-</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૮/૦૬/૨૦૨૪ ના કલાક ૨૨/૧૫ ના કલાક ૨૨/૧૫ થી ૨૩/૪૫ વાગે મોજે ફલોડ ગામ શનિદેવના મંદિર સામે મઢેલી ગામ તરફ જવાના રોડ પાસે આવેલ કેબીનના પાછળના ભાગે આરોપી નં.૨ ઝાકીરહુસેન મોહંમદખા બહેલીમ નાએ તેના મળતીયા માણસ આરોપી નં.૧ અલ્તાફહુસેન અબ્દુલભાઇ મન્સુરી નાઓના અંગ કબજામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની કાચની બોટલો તથા કવાટરીયા તથા બીયર ટીન મળી કુલ નંગ-૩૧૫ જેની કુલ કિ.રૂા. ૩૪,૫૦૦/- નો પ્રોહી. મુદામાલ વગર પાસ પરમીટે રાખી રેઇડ દરમ્યાન અલ્તાફહુસેન અબ્દુલભાઇ મન્સુરી નાનો સ્થળ ઉપર હાજર મળી આવી પકડાય જઇ તથા આરોપી ઝાકીરહુસેન મોહંમદખા બહેલીમ નાનો સ્થળ ઉપર હાજર નહી મળી આવી એકબીજાની મદદગારી કરી, ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ-૬૫(એ)(ઇ),૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭)... મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ અનુસાર.

(૮)... મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**-:: નિર્ણય માટેના કારણો ::-**

ફરીયાદપક્ષે આ સિવાય કોઈ દસ્તાવેજી કે સાહેદી પુરાવો રજુ કરેલ નથી. આ કામે ફરીયાદપક્ષે ઉપરોકત સાહેદોના પુરાવો નોંધવામાં આવેલ છે. જે પૈકી આંક-૧૭ વાળા મુદ્દામાલ રીકવરીના પંચનામાના પંચ સાહેદ સતિષ બાબુભાઈ વાઘેલાને આંક-૧૬ થી તથા પંચ સાહેદ દિનેશભાઈ પુંજાભાઈ પરમારને આંક-૧૮ થી તપાસેલ છે. આ પંચ સાહેદોએ તેમની સોગંદ પરની જુબાનીમાં પોલીસે તૈયાર લખેલા કાગળમાં સહી કરાવેલાનું તથા લખાણ શેનુ હતુ અને શું લખેલ હતુ તેની તેમણે માહિતી ન હોવાનું જણાવેલ છે. આ કામે સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરી સવાલો પુછવામાં આવેલ છે પરંતુ પંચનામાની વિગતોને સમર્થન કરતો પુરાવો આ કામે પંચ સાહેદોએ આપેલ નથી તેમજ ઉલટ તપાસમાં પણ આ પંચોએ એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ બીજુ કાંઇ જાણતા નથી. સદર આંક-૧૭ થી રજુ પંચનામુ વંચાણે લઈ ધ્યાને લેવામાં આવેલ છે. ફરીયાદીની ફરીયાદ મુજબ પંચોની હાજરીમાં પંચનામુ કરી આરોપીના કબજા ભોગવટામાંથી મુદ્દામાલ દારૂ કબજે કરેલાની હકીકત જણાવે છે પરંતુ આ કામે પંચ સાહેદો તેઓને પોલીસે એક તૈયાર પંચનામામાં સહીઓ કરાવેલ હોવાની હકીકત જણાવે છે. જે ધ્યાને લેતા ઉપરોકત પંચ સાહેદો કે જે આ કામે સ્વતંત્ર સાહેદો છે, તેઓ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, આ કામે ઉપરોકત આંક-૧૭ થી રજુથયેલ પંચનામુ બિનપુરવાર રહેલ છે.

તેવા સંજોગોમાં નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

**2016(4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others**

> ***"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not***

***getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper"***

વધુમાં આ કામે આંક–૧૧ થી ફરીયાદી પ્રદિપસિંહ મહેન્દ્રસિંહ તથા આંક–૧૪ થી ત.ક.અ. એ.એસ.આઇ. નગીનભાઇ ભીલડાભાઇ રાઠવાને તપાસેલા છે અને ફરીયાદીના પુરાવામાં આંક–૧૨ થી ફરીયાદ રજુ રાખેલ છે. આ સાહેદ પોલીસ સાહેદો છે અને તેઓએ ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. ફરીયાદી તેમની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે, બનાવવાળા રોડ પર વાહનોની સતત અવર જવર રહે છે. ફરીયાદમાં પંચોના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આરોપીની કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી. આરોપીના કબજામાંથી કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી. વધુમાં આ કામે આંક–૧૨ વાળી ફરીયાદ જોવામાં આવે તો આરોપી નં.૧ સ્થળની બાજુમાં પકડવામાં આવેલ હતો અને આરોપી નં.૨ સ્થળ પરથી મળી આવેલ ન હતો અને તેમની અટક પાછળથી કરવામાં આવેલ હતી અને તે હકીકત ફરીયાદમાં આવે છે પણ આંક–૧૧ થી તપાસેલા સાહેદ પ્રદિપસિંહ તેમની જુબાનીમાં આરોપી સ્થળ ઉપર મળી આવેલો હોય તે જણાવે છે પણ કયો આરોપી અને તેની કોઇ વિગતો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ ન હતી અને ઉલટ તપાસમાં કોઇ પણ આરોપીના કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ ન હતો તે જણાવે છે જેના કારણે શંકા ઉદભવ થાય છે કે કોઇપણ આરોપી સ્થળ ઉપરથી પકડાયેલ હતો કે કેમ ? અને તે બાબતનો કોઇ પણ ખુલાસો આ કામના તપાસ કરનાર અધિકારીની આંક–૧૪ વાળી જુબાનીમાં કોઇ જગ્યાએ આવતો નથી. ત્યારબાદ આ કામના તપાસ કરનાર અધિકારી તેમની ઉલટ તપસામાં કબુલ કરે છે કે, મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી મળી આવેલ નથી તો કયા આરોપીની પાસેથી કે કયા કારણોથી આ કામે આરોપીની સામે ગુનો બનતો હોય તે બાબતનો કોઇ પણ ખુલાસો તે તેમની જુબાની મારફતે રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ થયેલા છે અને કયા પુરાવા ઉપર આધાર રાખીને આરોપીની સામે ચાર્જશીટ કરવામાં આવેલી છે તે બાબતે પણ શંકા ઉદભવ થાય છે. વધુમાં આ કામના પંચો ઘણા બધા કેસોમાં પંચો તરીકે રહેલા છે અને બનાવવાળી જગ્યા રહેણાંક વિસ્તાર છે અને ત્યાં ઘણા બધા લોકો રહે છે તેમજ બનાવવાળી જગ્યા પર ઘણા બધા વાહનોની અવર જવર રહે છે તેમ છતા પણ ફરીયાદી ધ્વારા બનાવ સ્થળ પરના

કોઈપણ માણસને પંચ કેમ ન બનાવેલ હતો તેનો ખુલાસો પણ રેકર્ડ ઉપર આવતો નથી તેમજ તપાસ કરનાર અધિકારી ધ્વારા પણ બનાવના વખતના આજુબાજુમાં હાજર રહેલા કે રહેતા કોઇ તટસ્થ લોકોના નિવેદન લીધેલ નથી તે પણ રેકર્ડ ઉપર આવે છે. વધુમાં આરોપીઓની કે આરોપી નં.૨ ની આરોપી નં.૧ રૂબરૂમાં કોઇ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. આમ, તપાસ કરનાર અધિકારીએ તેમની તપાસમાં કોઇપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ હોચ તે પણ રેકર્ડ પર આવેલ નથી તેમજ બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાંના મકાનો પણ આવેલા છે પણ ત્યાંના આજુબાના કોઇના નિવેદન લેવામાં આવેલ નથી. આમ આ સાહેદની જુબાનીને સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી.

વધુમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતા, આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો કે જેઓ રૂબરૂ આરોપી નં.૧ ના કબજામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો પરપ્રાંતીય દારૂ મળી આવેલ આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે ત્યારે તેઓ પંચો પોતાની રૂબરૂ સદર પંચનામુ થયેલ હોવાની હકીકતનો ઇન્કાર કરે છે અને બનાવવાળી જગ્યા જયાંથી મુદામાલ રીકવર કરવામાં આવેલ છે તે જગ્યા જાહેર જગ્યા હતી જેમાં કેબીનના પાછળના ભાગે ડાંગરના પુડાની નીચે ખુલ્લામાં દારૂ મળી આવેલ હતો પણ તે જગ્યા જાહેર અને ખુલ્લી જગ્યા હોય જેથી આરોપી નં.૨ એ ત્યાં દારૂ રાખેલ હોય અને ત્યાર પછી તેમના ધ્વારા ત્યાં વેચાણ કરતા હોય તે બાબતે કોઈ પણ સાહેદ કે જેમને આ જોયેલ હોય તેમને પણ ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ છે અને તેજ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતા તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે ત્યારે આ કામે જો નામદાર ગુજરાત હાઇકોર્ટના **દિલીપ સાન્શી વિ. સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે,

"In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited

articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person.”

જેઓ ફરીયાદી તથા ત.ક.અ. સાથે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ હોવાની હકીકત ફલીત થાય છે. જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓના કબજામાંથી જાહેરમાંથી વગર પાસ પરમીટનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે અને ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતા ગુનાવાળી જગ્યા જાહેર જગ્યા હોય ત્યાં માણસોની હાજરી હોવાની શકયતા સ્વાભાવિક જણાય છે, તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઇ વ્યાજબી કારણ રેકર્ડ જોતા ફલિત થતુ નથી તેમજ આ કામે મુદ્દામાલ મળી આવેલ હોવાનું માની લેવામાં આવે તો પણ બનાવવાળી જગ્યાએથી જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તેની માલીકી આરોપીઓની ન હતી અને બનાવવાળી જગ્યા જયાંથી મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે તે કેબીનના પાછળ જગ્યા જાહેર જગ્યા હતી જેમાં કેબીનના પાછળના ભાગે ડાંગરના પુડાની નીચે ખુલ્લામાં દારૂ મળી આવેલ હતો પણ તે જગ્યા જાહેર અને ખુલ્લી જગ્યા હોય જેથી આરોપી નં.૨ એ ત્યાં દારૂ રાખેલ હોય અને ત્યાર પછી તેમના ધ્વારા ત્યાં વેચાણ કરતા હોય તે બાબતે કોઇ પણ સાહેદ કે જેમને આ જોયેલ હોય તે પણ રેકર્ડ ઉપર આવતુ નથી જેથી આ કામે આરોપી પાસે પોલીસવાળા કેવી રીતે પહોંચેલા તે બાબતે પોલીસ સાહેદોએ કંઇ પણ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. આ કામે આરોપીઓ દારૂ ખરીદનાર હતા કે વેચાણ કરનાર હતા કે લેનાર હતા તે બાબતે કોઇ પણ પુરાવો રેકર્ડ ઉપર કે પોલીસ સાહેદોની જુબાનીમાં ઉલ્લેખ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે પોલીસ સાહેદોની જુબાની જોવામાં આવે તો પંચો તેમજ પોલીસ સાહેદોની અસરપરસ અંગઝડતી કરેલ ન હોવાનું જણાય છે.

વધુમાં ધી પ્રોહીબિશન એકટની કલમ–૧૧૬(બી) મુજબ જયારે કોઇ વ્યકિત સામે ગેરકાયદે પ્રોહીબિશન મુદ્દામાલ એટલે કે, દારૂ તેના પઝેશનમાં રાખવા અંગેના ગુનાનો આક્ષેપ હોય ત્યારે તેવો મુદ્દામાલ જો સીલ બોટલો હોય અને તેની ઉપર કયા પ્રકારનો દારૂ છે તે જણાવેલ હોય અને તેના ઉત્પાદકનું નામ અંકિત કરેલ હોય ત્યારે તે વ્યકિતએ ગેરકાયદેસર તેવો પ્રોહીબિશન અંગેનો મુદ્દામાલ દારૂ તેના કબજામાં રાખેલ છે તેવુ અનુમાન થઇ શકે. પ્રસ્તુત કેસમાં કરવામાં આવેલ પંચનામુ કે ફરીયાદ જોવામાં આવે તો તેમાં જે બ્રાન્ડનો જે તે પ્રકારનો ઇંગ્લીશ દારૂ મળી આવેલ હોવાનું તે સીલ કરી કબજે કરેલ

હોવાનો ઉલ્લેખ કરેલ છે, પરંતુ સદર કામે ફરીયાદપક્ષે સદર પંચનામામાં કે ફરીયાદમાં તેવી બોટલો કલમ–૧૧૬(બી) મુજબ કબજે કરેલ બોટલો સીલબંધ હાલતમાં હતી કે કેમ ? અને તેના ઉત્પાદકનું નામ ઠામ લખેલ હતુ કે કેમ ? તે અંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી પરંતુ પંચનામામાં બોટલો ઉપર બ્રાન્ડ નેમ જણાવેલ છે, તે બાબતે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ હોય કે તેને તપાસેલા હોય તેમ જણાય આવતુ નથી.

તેમજ આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા આરોપીના કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ જ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી. વધુમાં હાલના કામે રેઈડ દરમ્યાન લીધેલ સેમ્પલ મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલેલ હોય તો તે અંગેનો કોઈ અહેવાલ કે આધાર પુરાવો હાલના કામે રજૂ થયેલ નથી. વધુમાં, તપાસ કરનાર અમલદારે સદરહું મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલેલ હોવા અંગે પણ કોઈ આધાર પુરાવો ચાર્જશીટ સાથે રજૂ કરેલ નથી. આથી મુદામાલ દારૂ જ હતો તેવુ નિ:શંકપણે પુરવાર થતુ નથી. તે તમામ સંજોગો રેકર્ડે ફરીયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ બની જાય છે. આમ રેકર્ડ પરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરના પુરાવાના સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ મધ્યે નજર રાખતા આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકતા ન હોય તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે તેના ***SATHISH MEHRA VS DELHI ADMINISRATION 96(3) CRIMES, 85*** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,

*"*When judge is certain that there is no prospect of case ending in conviction time of Court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.*"*

વધુમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો કે જેઓની રૂબરૂમાં આરોપીના કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો પરપ્રાંતીય દારૂ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે તેઓ

પોતાની રૂબરૂ સદર પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરે છે તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે. જેઓ ફરીયાદી તથા ત.ક.અ. સાથે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ હોવાની હકીકત ફલીત થાય છે. જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી નં.૨ ના સભાન કબજામાંથી વગર પાસ પરમીટનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ હોવાનું પુરાવો જોતા જણાય આવતુ નથી. વધુમાં તપાસનીશ અમલદારનો પુરાવો જોતા બનાવ સ્થળ પરના કોઈ તટસ્થ લોકોના નિવેદન લીધેલ નથી તે કબુલ કરે છે. આમ આ કામે બનાવ સ્થળે હાજર કોઈ ઇસમોના કે બનાવ સ્થળ રહેણાંક મકાન ધરાવતો વિસ્તાર છે તે મકાનની આજુબાજુવાળા મકાનમાં રહેતા રહીસોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ બનાવવાળી જગ્યાએ દુકાન છે પરંતુ દુકાન કોની માલીકીની છે તે બાબતે કોઈ પુરાવો કબજે કરવામાં આવેલ નથી. વધુમાં આ પોલીસવાળા સાહેદો જે જગ્યા પર રેઈડ કરવા ગયેલ તે જગ્યા આરોપીની હતી તે કયા આધારે ત્યાં પહોંચેલ તે તેમની જુબાનીમાં જણાવેલ નથી અને જે વખતે રેઈડ કરેલ હતી તે વખતે જે જગ્યા આરોપી નં.૨ ની છે તે બાબતે રેકર્ડ પર કશુ જ આવતુ નથી તેમજ પંચોને તે જગ્યા કોની માલીકીની છે તે બાબતે જાણ કરેલ હોય તે બાબત પણ રેકર્ડ ઉપર આવતી નથી અને આરોપી નં.૧ તે મુદ્દામાલનો માલીક હતો કે તેમને તે મુદ્દામાલ રાખેલ હતો તે પણ પુરવાર થતુ નથી. આમ, વાંધાજનક મુદ્દામાલનો આરોપી નં.૧ અને ૨ નો કબજો હોય તેવુ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

વધુમાં ધી પ્રોહીબિશન એકટની કલમ-૧૧૬(બી) મુજબ જયારે કોઈ વ્યકિત સામે ગેરકાયદે પ્રોહીબિશન મુદ્દામાલ એટલે કે, દારૂ તેના પઝેશનમાં રાખવા અંગેના ગુનાનો આક્ષેપ હોય ત્યારે તેવો મુદ્દામાલ જો સીલ બોટલો હોય અને તેની ઉપર કયા પ્રકારનો દારૂ છે તે જણાવેલ હોય અને તેના ઉત્પાદકનું નામ અંકિત કરેલ હોય ત્યારે તે વ્યકિતએ ગેરકાયદેસર તેવો પ્રોહીબિશન અંગેનો મુદ્દામાલ દારૂ તેના કબજામાં રાખેલ છે તેવુ અનુમાન થઈ શકે. પ્રસ્તુત કેસમાં કરવામાં આવેલ પંચનામુ કે ફરીયાદ જોવામાં આવે તો તેમાં જે બ્રાન્ડનો જે તે પ્રકારનો ઈંગ્લીશ દારૂ મળી આવેલ હોવાનું તે સીલ કરી કબજે કરેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે, પરંતુ સદર કામે ફરીયાદપક્ષે સદર પંચનામામાં કે ફરીયાદમાં તેવી બોટલો કલમ-૧૧૬(બી) મુજબ કબજે કરેલ બોટલો સીલબંધ હાલતમાં હતી કે કેમ ?

અને તેના ઉત્પાદકનું નામ ઠામ લખેલ હતુ કે કેમ ? તે અંગે કોઇ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી પરંતુ પંચનામામાં બોટલો ઉપર બ્રાન્ડ નેમ જણાવેલ છે, તે બાબતે ઉત્પાદકનો કોઇ જવાબ લીધેલ હોય કે તેને તપાસેલા હોય તેમ જણાય આવતુ નથી.

આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા આરોપી નં.૧ ના કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ જ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી તેમજ આરોપી નં.૨ ની સદર ગુનામાં કેવી રીતે સંડોવણી છે તે પુરવાર કરી શકેલ નથી. વધુમાં હાલના કામે રેઈડ દરમ્યાન લીધેલ સેમ્પલ મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલેલ હોય તો તે અંગેનો કોઈ અહેવાલ કે આધાર પુરાવો હાલના કામે રજૂ થયેલ નથી. આ કામે પોલીસ સાહેદોની જુબાની જોવામાં આવે તો તેમના મુજબ આ કામે જે જગ્યાએથી દારૂ પકડવામાં આવેલ હતો પણ પંચનામુ જોવામાં આવે તો તે બનાવવાળી જગ્યાએ દારૂ કબજે કરવામાં આવેલ હતો તે આ કામેના પંચો હોસ્ટાઇલ થવાના કારણે પંચનામુ પુરવાર થતુ નથી પણ આરોપી ધ્વારા આ કામે કોઇ પણ જગ્યાએ પોલીસ વિરૂધ્ધ એવો કોઇ આક્ષેપ નથી કે, જેમાં પોલીસ ધ્વારા તેમને ખોટા કેસમાં આરોપી બનાવેલા હોય કે તે આરોપીને ખોટા કેસમાં સંડોવવા માટે તે દારૂનો કેસ કરેલ હોય અને ત્યારબાદ તેમના ઉપર કેસ ઉભો કરેલો હોય, પણ જયાં સુધી આરોપીઓના કબજામાંથી દારૂ મળેલાનું પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને શંકાનો લાભ મળી શકે, પણ આ કામે પોલીસ સાહેદો તેમની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે, આરોપીઓના કબજામાંથી કોઇ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી જેથી આરોપીઓની માલીકીના કબજામાં દારૂ હતો તે પુરવાર થતુ નથી.

આ કામે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે કહેવાતો દારૂનો વાંધાજનક મુદ્દામાલ અંગેનો જે રીતે ફરીયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે આરોપીઓના સભાન અને પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાં મળી આવેલાનું નિ:શંકપણે સાબિત થવુ જરૂરી છે. જો એક વખત આરોપીઓનો કોઇપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછી ધી ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ-૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય છે પરંતુ હાલના કેસમાં દલીલો ખાતર એકવાર કહેવાતુ ઉપરોકત પંચનામુ સાબિત થયેલુ માની પણ લઇએ તો પણ જે જગ્યાએથી મુદામાલ મળી આવેલ છે તે જગ્યા આરોપીની માલીકી કે કબજા ભોગવટાની હોય તેવુ બતાવતો કોઇ જ પુરાવો આ કામે રજુ નથી. આમ, વાંધાજનક

મુદ્દામાલનો આરોપીઓનો કબજો હોય તેવુ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી. આ કામે અન્ય આજુબાજુવાળાના જવાબ પણ લીધેલ નથી. જેથી આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા જયારે આ કામના સ્વતંત્ર પંચ સાહેદો જ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય, અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ ન હોય, આરોપીના સભાન કબજામાંથી કહેવાતો દારૂનો મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય કારણ કે આ કામે કહેવાતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલો હોય અને તે ચકાસણી કરવા માટે એફ.એસ.એલ.માં મોકલેલો હોય તે પણ રેકર્ડ ઉપર આવતુ નથી અને તે રીતે એક વખત માનવામાં આવે કે તપાસ કરનાર અધિકારી ધ્વારા કહેવતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલો હોય અને તે ચકાસણી કરવા માટે એફ.એસ.એલ.માં મોકલેલો તો તેની કોઇ પહોંચ પણ રજુ કરવામાં આવેલી નહી અને તે રીતે એફ.એસ.એલ.નો પૃથકરણ રીપોર્ટ આ કામે રજુ કરવામાં આવેલ નહી જેથી કહેવાતો મુદ્દામાલ જે કબજે કરવામાં આવેલ હતો તે મુદ્દામાલ દારૂ હતો કે કેમ ? જેથી ફરીયાદપક્ષ કબજે કરેલો માલ દારૂ હતો કે કેમ ? તે નિ:શંકપણે પુરવાર કરી શકેલો નહી અને આ કામે અન્ય સાહેદોને તપાસવામાં આવે તો પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો આવવાની શકયતા જણાતી નથી. આમ, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઇઓ મધ્યે નજર રાખતા આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકતા ન હોય તેમજ ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનું  અવલોકન ધ્યાને લેતા હાલના કેસમાં પણ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને પુરતા અને નિ:શંક પુરાવાઓથી હાલનો કેસ સાબિત કરી શકે તેમ જણાતુ ન  હોય તેમજ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપીઓ ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરતા હોવાનું આ અદાલતનું માનવુ હોય, મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમાં'' ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

- આ કામના આરોપી નં.(૧) **અલ્તાફહુસેન અબ્દુલભાઇ મન્સુરી**, રહે. ફલોડ ગામ, મન્સુરી ફળીયામાં, તા.વાઘોડીયા, જી.વડોદરા તથા આરોપી નં.(ર) ઝાકરીહુસેન મોહંમદખા બહેલીમ, રહે. ફલોડ ગામ, મન્સુરી ફળીયામાં, તા.વાઘોડીયા,

જી.વડોદરા નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) અધિનિયમની કલમ–૬૫(એ)(ઈ),૮૧ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી. મુદામાલનો અપીલ સમય વિત્યાબાદ કાયદાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતાં છ માસના સમય માટે રૂા. ૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકાં રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ:૩૧મી, માહે:જુલાઈ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેરે કરવામાં આવ્યો.**

તારીખ:૩૧–૦૭–૨૦૨૬
વાઘોડીયા.

**(વિકાસ સિયોલ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વાઘોડીયા.
[યુ.આઈ.સી. નં.જીજે૦૧૩૫૭]

**S.R.Tadvi**